## શિક્ષણ વિભાગ

**મંગળવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪(બીજી બેઠક)**ના રોજ હાથ ધરાનાર સન ૨૦૨૪–૨૦૨૫ના વર્ષના અનુદાનો માટેની માંગણીઓ **(સાતમો દિવસ) (શિક્ષણ અને આદિજાતિ વિકાસ વિભાગ)** પરની ચર્ચામાં ભાગ લેનાર માન. સભ્યશ્રીઓનું પ્રવચન

**માન. સભ્યશ્રી શ્રી મહેન્દ્રભાઈ પાડલિયા (૭૫– ધોરાજી)**

---

### ઉચ્ચ શિક્ષણ

- **યુનિવર્સિટી/કૉલેજોની સંખ્યા:**
  - ગુજરાતના 33 જીલ્લાઓમાં એક્સેસ અને ઈક્વિટી સુનિશ્ચિત કરવા માટે ૧૦૮ યુનિવર્સિટીઓ, જેમાં ૧૬ પબ્લિક યુનિવર્સિટીઓ, ૦૨ સેન્ટ્રલ ડીમ્ડ યુનિવર્સિટીઓ, ૧૦ ઇન્સ્ટીટયુટ ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સ, ૦૨ સેન્ટ્રલ ડીમ્ડ યુનિવર્સિટીઓ, ૬૫ પ્રાઈવેટ યુનિવર્સિટીઓ અને ૧૩ સેકટોરલ યુનિવર્સિટીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- **ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS)** પોર્ટલ**:**
  - ગુજરાતની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં એડ્મિશન માટે એક કોમન પોર્ટલ વિકસાવવામાં આવેલ છે. આ પોર્ટલ અંતર્ગત યુનિવર્સિટીઓના તમામ અભ્યાસક્રમો, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે જેમાં શરૂઆતથી અંત સુધીની એડ્મિશન પ્રક્રિયાને સંચાલિત કરવા માટે એક સરળ અને સુરક્ષિત એપ્લિકેશન તરીકે વિકસાવવામાં આવેલ છે.

## ➢ ગુજરાત રાજ્યમાં NEP-2020 નું અસરકારક અમલીકરણ તથા સિદ્ધિઓ:

- ગુજરાત સરકારે **૫મી જાન્યુઆરી, ૨૦૨૨**ના રોજ યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ ૨૦૨૨ ના ભાગ રૂપે યોજાયેલ પ્રોગ્રામ – **ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઑફ એકેડેમિક ઈન્સ્ટિટ્યુશન્સ (ICAI)** દરમિયાન **"રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ નો અમલીકરણ રોડમેપ"** લોન્ચ કર્યો છે. NEP-2020નાં અમલીકરણમાં રાજ્યોની હરોળમાં ગુજરાત સરકાર સૌથી આગળ છે.
- ગુજરાત રાજ્યમાં NEP-2020 ના અસરકારક અમલીકરણ માટે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ ક્ષેત્ર દ્વારા કરવામાં આવેલા કાર્યો અને વિવિધ પગલાંઓ પર ધ્યાન આપતા શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા **"રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અમલીકરણના બે વર્ષ"** પર એક અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.
- **શ્રી કે કા શાસ્ત્રી ગવર્નમેન્ટ કોલેજ કોન્ફેડરેશન** (સેન્ટર ઓફ એક્સેલન્સ) હેઠળ એક જ કેમ્પસની છ કોલેજોને યુ.જી.સી ની ભલામણ મુજબ ક્લસ્ટર કરીને કન્ફેડરેશનની સ્થાપના કંપની એક્ટની સેક્શન ૮ મુજબ કરવામાં આવી છે. જે મલ્ટી ડીસીપ્લીનરી કોર્સિસ સાથે ક્રેડિટ ટ્રાન્સફર, વોકેશનલ એજ્યુકેશન, ટેક્નોલોજીનો ઉપયોગ, મલ્ટિપલ એન્ટ્રી–એક્ઝિટ વગેરેને સક્ષમ કરશે.
- ગુજરાત સરકારે બહુવિધ/આંતર–શિસ્ત શિક્ષણ અને સંશોધન આપવા માટે **સાત યુનિવર્સિટીઓને "સેન્ટર ઑફ એક્સેલન્સ (COE)"** તરીકે જાહેર કરી છે.

- **NEP ડેશબોર્ડનું** વ્યૂહાત્મક આયોજન અને ડિઝાઈનિંગ કરેલ છે.
- ધરોહર– IKS ને લગતા અભ્યાસક્રમો/કાર્યક્રમો શરૂ કરવા માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા **GTU સેન્ટર ફોર ઈન્ડિયન નોલેજ સિસ્ટમ (GCIKS)** ની સ્થાપના કરવામાં આવી છે.
- રાજ્ય સરકારે **"ગુજરાત NEP સેલ"** ની રચના કરી છે, જે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ) માં શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણીને આવરી લેતા તમામ પાસાઓનું નિરીક્ષણ અને અમલીકરણ સુનિશ્ચિત કરશે.
- નેશનલ એજ્યુકેશન પોલિસી 2020 ને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે ટૂંકા ગાળાના (1-3 વર્ષ), મધ્યમ ગાળાના (4-6 વર્ષ) અને લાંબા ગાળાના (7-10 વર્ષ) લક્ષ્યાંકો તૈયાર કર્યા છે.
- તમામ યુનિવર્સિટીઓએ તેમની ઇન્સ્ટીટયુશનલ ડેવેલોપમેન્ટ પ્લાન (IDPs) આગામી પાંચ વર્ષ માટેના ઉદ્દેશ્યોની રૂપરેખા સબમિટ કરી છે. UGCએ ગાઈડલાઈન્સ તાજેતરમાં ઈશ્યું કરેલ છે.

➢ **કોમન કરીક્યુલમ અને ક્રેડીટ ફ્રેમવર્ક અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP):**

- શિક્ષણ વિભાગ દ્વારા **કોમન કરીક્યુલમ અને ક્રેડીટ ફ્રેમવર્કનો** સરકારી ઠરાવ આખરી કરી તા. ૧૧ જુલાઈ, ૨૦૨૩ ના રોજ જાહેર કરવામાં આવ્યો છે. આ જી.આર. નું અમલીકરણ પ્રમાણેની શિક્ષણ વ્યવસ્થાનો શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી પ્રવેશ મેળવનાર તમામ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ એટલે કે પ્રથમ વર્ષથી શરૂ થશે.

- NEP-2020 ના અમલીકરણ માટે એક સામાન્ય સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) ૨૯મી જુલાઈ ૨૦૨૩ના રોજ બહાર પાડવામાં આવી છે. ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ/ઓટોનોમસ કોલેજોએ ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ સામાન્ય SOPનું ફરજીયાતપણે પાલન કરવાનું છે. અમલીકરણ માટેની પ્રક્રિયા અને સમજૂતી સંબંધિત તમામ વિગતો SOP માં ઉલ્લેખિત કરવામાં આવેલ છે.
- હાલમાં ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)માં દર્શાવવામાં આવેલ તમામ કોર્સિસ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના અભ્યાસક્રમોની રચના કરવામાં આવી રહી છે.

### ➢ ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩:

- ગુજરાત વિધાનસભા દ્વારા ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમને મંજુરી અપાતાં તથા તા:૨૫/૦૯/૨૦૨૩ના રોજ માન. રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્યની સંમતિ દ્વારા **ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩**ને ગુજરાત એક્ટ નં. ૧૫ ઓફ ૨૦૨૩ તરીકે પ્રકાશિત કરવામાં આવેલ છે. આ કાયદાથી ૧૧ સરકારી યુનિવર્સિટીઓમાં વહીવટ, શિક્ષણ, પરીક્ષાઓ, વિદ્યાર્થીલક્ષી બાબતો માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં દર્શાવેલ સુધારો થશે. આ ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જોડાણો, ઈનોવેશન, ઈન્ક્યુબેશન અને એન્ટરપ્રાઈઝ જેવા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ના મહત્વના મુદ્દાઓની કામગીરી કરવા માટે સત્તાધિશોની નિમણુંક માટેની મહત્વની જોગવાઈ કરવામાં આવેલ છે.

- "ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩" ની કલમ ૨૧માં દર્શાવ્યા મુજબ રાજ્ય સરકાર દ્વારા એક મોડેલ સ્ટેચ્યુટ્સ પ્રદાન કરવામાં આવશે જે તમામ પબ્લિક યુનિવર્સિટીઓના બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા મંજૂર કરવામાં આવશે. યુનિવર્સિટીઓને કોઈ સુધારા વધારા કરવા હોય તો આ માટે સ્પેશ્યલ કમિટી રચવી પડે અને આ કમિટી દ્વારા સુધારા વધારા અંગેની દરખાસ્ત રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે. સરકાર તે સુધારા સ્વિકાર કે અસ્વિકાર કર્યા પછી જે જાહેર કરશે તેનો અમલ તમામ યુનિવર્સિટીઓએ ફરજીયાત કરવાનો રહેશે. આમ, "ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩" ની કલમ ૨૧ મુજબની કાર્યવાહીને હાથધરવા માટે તમામ ૧૧ પબ્લિક યુનિવર્સિટીઓને યુનિફોર્મ મોડેલ સ્ટેચ્યુટસની નકલ મોકલી આપવામાં આવેલ છે, જે તા:૦૫/૦૨/૨૦૨૪ સુધીમાં તમામ યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરીને પરત મોકલી આપવામાં આવશે.